GJTP050002512025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૭/૦૩/૨૦૨૫ |
| નોંધ્યા તારીખ | ૦૭/૦૩/૨૦૨૫ |
| નિર્ણય તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ / માસ / દિવસ |
| | **૦૧ / ૦૦ / ૧૧** |

सत्यमेव जयते

---

**ઉચ્છલના મે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ઉચ્છલ.**

**ક્રિમીનલ કેસ નં. :- ૨૨૫/૨૦૨૫**

---

**આંક – ૨૬**

**ફરીયાદી :- શ્રી સરકાર**

**વિરુધ્ધ :-**

**આરોપી :- યાકુબભાઇ વસંતભાઇ ગામીત**
ઉ.વ. – ૩૦, ધંધો – મજુરી,
રહે. – રામપુરા કાનાદેવી, ડુંગરી ફળીયું, તા. સોનગઢ, જી. તાપી.

**ગુનો :- ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૧૧૮, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ ની કલમ – ૧૩૫ મુજબ.**

ફરીયાદ પક્ષ તરફે :- વિદ્વાન એ.પી.પી. શ્રી પી.આર.વસાવા.
આરોપી પક્ષ તરફે :- વિદ્વાન વકીલ શ્રી બી.બી.વસાવા.

**-:: ચુકાદો ::-**

## (૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત :-

હાલનાં આરોપી સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ - ૧૧૮, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ ની કલમ - ૧૩૫ મુજબનાં ગુન્હાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષનાં કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા. : ૨૮/૧૧/૨૦૨૪ નાં રોજ આશરે કલાક - ૧૧:૩૦ વાગ્યાનાં અરસામાં મોજે મીરકોટ, કારબારી ફળીયામાં આવેલ કાચા રસ્તા ઉપર આ કામનાં ફરીયાદી કલ્પેશભાઇ શંકરભાઇ ગામીત રહે. મીરકોટ, રેલ્વે ફળીયું, તા. ઉચ્છલ, જી. તાપી નાંઓની સાથે આશરે ચારેક માસ અગાઉ પૈસાની બાબતે બોલાચાલી થયેલી હતી. જેની અદાવત રાખી આ કામનાં આરોપી યાકુબભાઇ વસંતભાઇ ગામીત રહે. રામપુરા કાનાદેવી, ડુંગરી ફળીયું, તા. સોનગઢ, જી. તાપી નાંઓએ મીરકોટ કારબારી ફળીયાનાં કાચા રસ્તા ઉપર આ કામનાં ફરીયાદીને ચાલુ મોટર સાયકલ ઉપર તેમનાં હાથમાં રહેલ લોખંડનાં સળીયા વડે માથામાં માર મારેલ તથા આ કામે કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકિશોર રોહનભાઇ સુનિલભાઇ ગામીતનાંઓએ તેમનાં હાથમાં રહેલ કાચની બોટલથી ફરીયાદી કલ્પેશભાઇને કપાળનાં ભાગે માર મારતાં ઈજા પહોંચાડી, એકબીજાને મદદગારી કરી, મહે. જીલ્લા મેજી. સાહેબશ્રીનાં જાહેરનામાંનો ભંગ કર્યાનો ગુનો કરેલ. સદર ગુના અંગેની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં જાહેર કરતાં, પોલીસ દ્વારા ગુનો નોંધી, ફરીયાદનાં આધારે ત.ક.અમલદારે તપાસ કરી આરોપી સામે પુરતાં પુરાવા હોવાનું જણાતાં હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

## (૨) આરોપી હાજર થતાં અદાલતે અનુસરેલી કાર્યવાહી :-

ચાર્જશીટ દાખલ થતાં આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ હાજર થયેલ અને આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ -

૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. આરોપી સામેનો કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨(ઝેડ) મુજબ વોરંટ ટ્રાયેબલ કેસ છે. જેથી આ કાયદાની પ્રકરણ – ૨૦ માં દર્શાવવામાં આવેલ કલમ – ૨૬૩ મુજબ આરોપી સામે આંક – ૦૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ. જે આરોપીને વાંચી, સંભળાવ્યા બાદ આરોપીની આંક – ૦૬ થી પ્લી નોંધવામાં આવેલ જેમાં તેઓએ ગુનાનો ઇન્કાર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

## (૩) <u>ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓ :–</u>

ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ ફરમાવાયેલ તહોમત પુરવાર કરવા સારૂ નીચે મુજબનો પુરાવો રજુ રાખેલ છે.

### (અ) <u>મૌખિક પુરાવો :–</u>

| ક્રમ | આંક | સાહેદનું નામ |
| --- | --- | --- |
| (૧) | ૧૮ | ફરીયાદી – કલ્પેશભાઇ શંકરભાઇ ગામીત ની જુબાની |

### (બ) <u>દસ્તાવેજી પુરાવો :–</u>

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
| --- | --- | --- |
| (૧) | ૧૯ | ફરીયાદ |
| (૨) | ૨૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| (૩) | ૨૧ | આરોપીનું અટક પંચનામું |
| (૪) | ૨૨ | ફરીયાદીનું એમ.એલ.સી. સર્ટીફીકેટ |

(૪) ત્યારબાદ ફરીયાદી / ઈજા પામનારે વિદ્વાન એ.પી.પી.શ્રી મારફતે તેઓ વધુ કોઈ પુરાવો આપવા માગતા નથી તે અંગે આંક – ૨૩ થી પુરસીસ ઉપર જાહેર કરતાં ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદપક્ષનાં પુરાવાનાં અંતે આ કામનાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. એટલું જ નહીં, આ વિશેષ નિવેદન ન નોંધવાથી આરોપીને કોઈ નુકશાન થાય તેવો પણ કોઈ સંભવ હોય તેવું જણાઈ આવતું નથી. ત્યારબાદ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તેમજ આરોપી તરફે વિ. વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) **<u>નિર્ણય માટેનાં મુદ્દાઓ :–</u>** આ કામનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ તા. : ૨૮/૧૧/૨૦૨૪ નાં રોજ આશરે કલાક – ૧૧:૩૦ વાગ્યાનાં અરસામાં મોજે મીરકોટ, કારબારી ફળીયામાં આવેલ કાચા રસ્તા ઉપર આ કામનાં ફરીયાદી કલ્પેશભાઈ શંકરભાઈ ગામીત રહે. મીરકોટ, રેલ્વે ફળીયું, તા. ઉચ્છલ, જી. તાપી નાંઓની સાથે આશરે ચારેક માસ અગાઉ પૈસાની બાબતે બોલાચાલી થયેલી હતી. જેની અદાવત રાખી આ કામનાં આરોપી યાકુબભાઈ વસંતભાઈ ગામીત રહે. રામપુરા કાનાદેવી, ડુંગરી ફળીયું, તા. સોનગઢ, જી. તાપી નાંઓએ મીરકોટ કારબારી ફળીયાનાં કાચા રસ્તા ઉપર આ કામનાં ફરીયાદીને ચાલુ મોટર સાયકલ ઉપર તેમનાં હાથમાં રહેલ લોખંડનાં સળીયા વડે માથામાં માર મારેલ તથા આ કામે કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકિશોર રોહનભાઈ સુનિલભાઈ ગામીતનાંઓએ તેમનાં હાથમાં રહેલ કાચની બોટલથી ફરીયાદી કલ્પેશભાઈને કપાળનાં ભાગે માર

મારતાં ઈજા પહોંચાડી, એકબીજાને મદદગારી કરી, મહે. જીલ્લા મેજી. સાહેબશ્રીનાં જાહેરનામાંનો ભંગ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૧૧૮, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ ની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**(૬) <u>મુદ્દાઓનો નિર્ણય :–</u>** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેનાં હવે પછી તુરંત ચર્ચા કર્યાનાં આધારે મારાં નિર્ણયો નીચે મુજબ છે :

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**<u>// નિર્ણય અંગેનાં કારણો //</u>**

- **<u>મુદ્દા નંબર – ૧ :–</u>**

**<u>(૭)</u>** ફોજદારી ન્યાયશાસ્ત્રનાં મૂળભુત સિધ્ધાંત મુજબ, ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જ્યાં સુધી આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. એટલું જ નહીં, ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબિત કરવાનાં રહે છે.

(૮) સદર કેસમાં આરોપી સામે <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૮, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ – ૧૩૫</u> મુજબનાં ગનાનો

આક્ષેપ છે. ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે જેમની સાથે બનાવ બનેલ છે તેવા ફરીયાદી કલ્પેશભાઇ શંકરભાઇ ગામીતનાંઓને આંક – ૧૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. આ કામનાં ફરીયાદીએ ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે, **" એ વાત ખરી છે કે આરોપીએ મને કોઇ માર મારેલ નથી કે મને કોઇ ગાળો આપેલ નથી કે કોઇ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે બનાવ સમયે આરોપીનાં હાથમાં કોઇ હથિયાર હોય તેવું બનેલ નથી."** આમ, ફરીયાદપક્ષનાં કેસ મુજબ જે ફરીયાદી સાથે બનાવ બનેલ છે તે ફરીયાદીએ જ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી અને આરોપીએ તેમને કોઇ માર મારેલ નથી તેમજ ગાળો આપેલ નથી તેમજ કોઇ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી તેમજ આરોપીનાં હાથમાં બનાવ સમયે કોઇ હથિયાર ન હતું તે હકીકત કબુલ રાખેલ છે. જેથી ફરીયાદપક્ષનો આરોપી સામેનો જે પ્રકારે કેસ છે તેની કોઇ પણ પ્રકારની હકીકતો પુરવાર થતી નથી અને આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી સીવાય અન્ય કોઇ સાહેદો તપાસેલા નથી. તેમજ આ કામે મુખ્ય પુરાવો ફરીયાદીની જુબાની સ્વરૂપેનો હતો જેમણે ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફથી રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. આમ, ફરીયાદપક્ષનો આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થતો નથી. તેવા સંજોગોમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી અને મુદ્દા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## :: હુકમ ::

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૧(૧) અન્વયે આરોપી યાકુબભાઇ વસંતભાઇ ગામીત રહે. રામપુરા કાનાદેવી, ડુંગરી ફળીયું, તા. સોનગઢ, જી. તાપી નાંઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૮, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ – ૧૩૫

મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ હથિયાર બિન કિમતી હોય તેનો અપીલ સમય પુર્ણ થયેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૪૮૧ અન્વયે અપીલ સમય સુધી રૂ.૧૦,૦૦૦/– નાં જામીન તથા જાતમુચરકા રજુ કરવાં.

હુકમ આજ તા. ૧૮ મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

મુ. ઉચ્છલ.
તા. ૧૮/૦૩/૨૦૨૬

(ધાર્મિક અશોકભાઇ ગોહેલ)
જ્યુડીશ્યલ મજીસ્ટ્રેટ ફ. ક.,
ઉચ્છલ, જી. તાપી.
કોડ નં. જી.જે.૦૧૭૧૪

JPTrivedi